કાન્તિ ભટ્ટ

## વિમાન અને કારથી માંડીને ઘરગથ્થુ યંત્રોના રિપેરનો અબજોનો ઉદ્યોગ

મહુવા નજીક દાઠા ગામના સોની ભીમજીદાદા ખભે એરણ લઇ ગામડામાં ફરે અને સોનાના ઘરેણાં રિપેર કરી આપતા કે નજર સામે બંગડી-વીંટી ઘડી આપતા. આજે મુંબઇમાં તેમના પૌત્રો-પ્રપૌત્રોએ ત્રિભુવન ભીમજી ઝવેરીનું નામ પ્રખ્યાત કર્યું છે તે સોનાનાં ઘરેણાંના રિપેરમાંથી પેદા થયું છે. કેન્યાના મોમ્બાસા શહેરની શેરીમાં ગુજરાતી મોચીને પ્લેટફોર્મ પર જૂતા રિપેર કરવા મફત દુકાન કરવા દેવાય છે.જૂતા વેચનારી ફેન્સી કંપની ઘણી છે પણ જૂતાને રિપેર કરવા આજે મુંબઇના પરાની શેરીઓમાં મોચી બંધુઓ ફૂટપાથ પર રિપેર-મેન્ટેન્સ કરે છે. એ રીતે એક સિંગર મશીન લોનથી ખરીદીને જૂના-નવા કપડાં, સાડી બ્લાઉઝ કે પેન્ટને રિપેર કરનારા દરજીબંધુઓ મુંબઇમાં ઠેરઠેર છે. આ નીચલી પાયરીથી માંડીને ઊંચે જઇએ તો વિમાનોની જાળવણીનો અને રિપેરનો જગતભરનો ઉદ્યોગ ૫૫.૨ અબજ ડૉલરનો એટલે કે રૂ. ૨૭૬૦૦૦ કરોડનો અધધ છે. 'ધ શોક ઑફ ધ વર્લ્ડ'નામનું દુર્લભ પુસ્તક અનોખું છે. આ રિપેર-મેન્ટનેન્સ ઉદ્યોગનો સાચો અંદાજ ભાગ્યે જ કોઇ દેશના અર્થશાસ્ત્રી આપી શકે છે માત્ર એવિયેશન ઇન્ડસ્ટ્રીનો અમેરિકા પૂરતો અંદાજ ઉપર લખ્યો છે. ઉપરોક્ત પુસ્તક આખું ટેકનોલોજીના ઇતિહાસનું પુસ્તક છે તેનો ગુજરાત સરકાર અભ્યાસ કરાવે તો જગતભરના અબજોના અબજો ડૉલરના મેન્ટેનન્સ ઉદ્યોગનો એક જબ્બર ૧૦૦૦૦ એકરનો ઝોન ગુજરાતમાં ઊભો કરી વિમાન, મોટર, કમ્પ્યૂટર વગેરેના રિપેરનો મલ્ટિમિલિયન ડૉલરના ઉદ્યોગનું આઉટસોર્સિંગ થઇ શકે.

એક દાખલો આપું. ગ્રીસના તનગ્રા ગામે હેલેનિક એરોસ્પેસ ઇન્ડસ્ટ્રી નામની કંપનીનું જંગી વિમાનોની જાળવણીનું કારખાનું છે. તેમાં ગરીબ દેશોના હજારો કારીગરો કમાય છે. તે કંપનીનો ઊથલો ૨૩.૬૧ કરોડ યુરોનો છે એટલે કે એક કંપનીના રિપેરનું ટર્નઓવર વર્ષે રૂ. ૫૦૦ કરોડ છે. બોઇંગ, એરબસ, લોકહીડ વગેરે ઇન્ટરનેશનલ વિમાન કંપનીના વિમાનો ત્યાં રિપેર-જાળવણી માટે આવે છે. અહીં વિમાનોની નવી ડિઝાઇનો પણ થાય છે. આખા પ્લેનનું ઓવરહોલીંગ થાય છે. આપણો દેશ બ્રિટન પછી વિમાન ઉદ્યોગમાં બીજે નંબરે હતો, ભારતમાં શું કામ જગતભરના વિમાનો જાળવણી માટે ન આવે ? અમેરિકા તેના લડાયક વિમાન સી-૧૩૦ની ટેકનોલોજી ખાનગી રાખે છે પણ લોકહીડ કંપનીના બનેલા મિલિટરી  સી-૧૩૦ વિમાનો ગ્રીસમાં રિપેર થવા આવે છે. ધારો કે કોઇ ગુજરાતી ઉદ્યોગપતિ ગુજરાત સરકારને ગળે મેન્ટેનન્સ ઉદ્યોગના પોટેન્શિયલની વાત ઉતારે તો ? આ ઉદ્યોગ કમાઉ છે. કેટલો કમાઉ ? અમેરિકાના એકલા એરોપ્લેનનો મેન્ટેનન્સ ઉદ્યોગ ૫૫.૨ અબજ ડૉલરનો છે તો પછી જગતભરનો બીજી બીજી મશીનરી, ઘરઘરાઉ ડોમેસ્ટિક એપ્લાયન્સીસનો ઊથલો કેટલો ડૉલર હશે ? ૫૫૦ અબજ ડૉલર ? ૧૦૦૦૦ અબજ ડૉલર ?

તમારું ભેજું કામ ન કરે તેવી ચીજોના રિપેર માટે જર્મની,હોલેન્ડ અને બીજા દેશોમાં રિપેરની ચેઇનશોપ છે. હીયરિંગ એઇડ,ઇલેક્ટ્રીક રેઝર રિપેર, લેમ્પ રિપેર,સેલફોન રિપેર,વેક્યુમ ક્લીનર રિપેર,ગાર્ડન ઇક્વિપમેન્ટ રિપેર વગેરેનો અંદાજ 'ક્વોલિટી ડાઇજેસ્ટ'નામના મેગેઝિનમાંથી તમને મળે. કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ રિપેર એન્ડ મેન્ટેનન્સ ઇન્ડસ્ટ્રી રિપોર્ટ-૨૦૦૯ રૂ. ૨૫૦૦૦માં ખરીદો તો ટીવી સેટ, સીડી સ્ટીરિયોફોનિક રિપેર, વિડિયો રિપેર વગેરેના જંગી ઉદ્યોગની ભાળ મળે.

સિંગાપોર, ચીન,ભારત અને મલેશિયા મોડે મોડે મેન્ટેનન્સ ઉદ્યોગનું મહત્ત્વ સમજ્યા છે. સિંગાપોરમાં એરફ્રાન્સ, ડેલ્ટા એરવેયઝ અને લુફથાન્સા કંપનીના વિમાનો રિપેર થવા આવે છે, અરે અબુધાબીમાં 'એરક્રાફ્ટ ટેક્નોલોજી કંપની' રિપેરમાંથી કરોડોની કમાણી કરે છે.